યુ.આર.સી. ઝોન-૧,
મહારાણા પ્રતાપ પ્રા.શાળા
ન.પા. સયાજીગંજ – ૬, ફતેગંજ વડોદરા.
સમગ્ર શિક્ષા ,વડોદરા કોર્પોરેશન
Email :ssavmczone1@gmail.com

ક્રમાંક: એસ.એસ./યુઆરસી-૧/૨૦૨૬/૧૧૪ તારીખ: ૧૮/૦૨/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી, તમામ
સમગ્ર શિક્ષા, ઝોન – ૧
વડોદરા કોર્પોરેશન.

વિષય :- ઉચ્ચ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રવાસના આયોજન બાબત.
સંદર્ભ : (૧) ક્રમાંક: સમગ્ર શિક્ષા/કયુઈસેલ/૧/૨૦૨૬/૧૬૭૨-૧૭૪૪ તા.: ૦૭/૦૧/૨૦૨૬
(૨) સમગ્ર શિક્ષા/QEM/2026/૧૦૦૫-૭ તા.: ૦૨/૦૨/૨૦૨૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા સરકારી શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા સુધારણા તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટે રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન અંતર્ગત Exposure Visit કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક પ્રવાસનાં આયોજન માટે ભારત સરકારના PAB 2025-26ના બજેટમાં સમગ્ર શિક્ષા કચેરીને ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે. આપની શાળાના ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની માહિતી નીચે મુજબની સુચનોને ધ્યાને રાખી ગુગલશીટ મુકવામાં આવેલ છે. જેમા માહિતી દિન – ૨ માં ભરી દેશો.

બાળકોની પસંદગી પ્રક્રિયામાં નીચેની સ્પર્ધામાં વિજેતા બાળકોને ક્રમ અનુસાર અગ્રતા આપવાની રહેશે.

(1) વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન (જીસીઈઆરટી)

(2) કલા ઉત્સવ (જીસીઈઆરટી)

(3) રાષ્ટ્રીય રમતોત્સવ (નેશનલ ગેઈમ્સ)

(4) ખેલ મહાકુંભ (રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)

(5) કલા કુંભ (રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)

(6) બાળ પ્રતિભા શોધ સ્પર્ધા (રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)

(7) સૂર્ય નમસ્કાર સ્પર્ધા (રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)

- ઉક્ત સ્પર્ધાઓમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે વિજેતા (પ્રથમ, દ્વિતીય અને તૃતીય) બાળકોને અગ્રતા આપવાની રહેશે.
- ત્યાર બાદ રાજ્ય સ્તરે વિજેતા (પ્રથમ, દ્વિતીય અને તૃતીય) બાળકોને અગ્રતા આપવાની રહેશે.
- ત્યાર બાદ જિલ્લા સ્તરે વિજેતા (પ્રથમ, દ્વિતીય અને તૃતીય) બાળકોને અગ્રતા આપવાની રહેશે,
- ત્યાર બાદ તાલુકા સ્તરે વિજેતા (પ્રથમ, દ્વિતીય અને તૃતીય) બાળકોને અગ્રતા આપવાની રહેશે.
- ઉક્ત અગ્રતા ક્રમ મુજબ પસંદગી કર્યા બાદ કવોટા ખાલી રહે તો જિલ્લા અને તાલુકા સ્તરે યોજાયેલ અન્ય સ્પર્ધાઓના વિજેતા વિદ્યાર્થીઓની પસંદગી કરવાની રહેશે.

- બાળકોની સંખ્યાને આધારે પ્રવાસના નોર્મ્સ મુજબ પુરૂષ અને મહિલા શિક્ષકોને સાથે લઈ જવાના રહેશે.પ્રવાસમાં શિક્ષકોની પસંદગી માટે જીસીઈઆરટી દ્વારા યોજાતા ઇનોવેશન ફેરમાં રાજ્ય/જિલ્લા/તાલુકા સ્તરે વિજેતા શિક્ષકો પૈકી અનુભવ, ક્ષમતા, ઉપલબ્ધતાને ધ્યાને લઇ નોર્મ્સ અને જરૂરિયાત અનુસાર પુરૂષ અને મહિલા શિક્ષકોની પસંદગી કરવાની રહેશે.

ડિ. એમ. બળાધળીયા
યુઆરસી વિભાગ–૧
સમગ્ર શિક્ષા
વડોદરા કોર્પોરેશન

<u>સવિનય નકલ રવાના:</u>

માનનીય એ.ડી.પી.સી.સાહેબશ્રી, સમગ્ર શિક્ષા, વડોદરા કોર્પોરેશન તરફ જાણ સારૂ

<u>નકલ રવાના:</u>

સી.આર.સી.કો.ઓ.શ્રી, ઝોન-૧ તમામ, સમગ્ર શિક્ષા, વડોદરા કોર્પોરેશન તરફ જાણ સારૂ